દાદા ભગવાન પરિવારનું

માર્ચ ૨૦૨૧

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# મેઇ મૈઇને બનું હું એવો

# મેઘ મેઘ ને બનું હું એવો

## અક્રમ એક્સપ્રેસ

## સંપાદકીય

બાળમિત્રો,

૬ માર્ચ એટલે આપણા લાડલા પૂજ્યશ્રીનો જ્ઞાન ડે. પણ આ વર્ષે એમના જ્ઞાન ડેની ખાસ ખાસ ખાસ ખાસિયત છે. જાણો છો શું ?

આ વર્ષે પૂજ્યશ્રીને જ્ઞાન લીધાને પચાસ વર્ષ પૂરા થાય છે. **ઈટ્સ ગોલ્ડન જ્યુબીલી.** કેટલી ખુશીની વાત છે ને ?

હા, આપણા માટે તો બહુ જ આનંદની વાત છે આ. પણ પૂજ્યશ્રીને તો ત્યારે જ આનંદ થશે જ્યારે આપણે કોઈને દુઃખ નહીં દઈએ, બધા સાથે હળીમળીને રહીશું. ભલે આપણા નાના-નાના પગલાં ધીમા-ધીમા માંડીએ પણ જ્ઞાન માર્ગે આગળ ચાલતા રહીએ એ જ આપણી એમને ગિફ્ટ છે.

આવો જ આપણો એક મિત્ર આકાશ છે. એને પણ પૂજ્યશ્રી રાજી થાય એ રીતે રહેવું ગમે. એ કેવી રીતે પોતાનામાં ફેરફાર લાવે છે તે તમારે જાણવું છે ને ? તો ચાલો વાંચીએ આ અંક.

- ડિમ્પલભાઈ મહેતા


વર્ષ : ૧૩, અંક : ૭
સળંગ અંક : ૧૫૧
માર્ચ ૨૦૨૧

Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.




સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



© 2020, Dada Bhagwan Foundation
All Rights Reserved




## મેઘ મેઘની બનું હું એવો

આજે માર્ચ ૬, ૨૦૨૧. જાણો છો, જન્મથી જ પૂજ્યશ્રી અને મારામાં એક સમાનતા છે. શું ?!! પૂજ્યશ્રીનો જ્ઞાન-દિન એ જ મારો જન્મ-દિન છે. મારા અને તમારામાં પણ એક સમાનતા છે. અરે, આમ તો ઘણી હશે, પણ એક તો ચોક્કસ છે. શું ? અક્રમ એક્સપ્રેસ ! ૨૦૦૮માં જ્યારે હું સાત વર્ષનો હતો ત્યારે અક્રમ એક્સપ્રેસનો પહેલો અંક બહાર પડ્યો હતો. સાવ સાચું ગેસ કર્યું તમે ! આજે મેં વીસ વર્ષ પૂરા કર્યા. અને આજે મને મારા વીસ વર્ષના જીવનની બેસ્ટ બર્થ-ડે પ્રેઝન્ટ મળી છે. પપ્પાએ મને કહ્યું, "ખુશ રહેજે બેટા. આકાશ, તું જે રીતે મમ્મી અને મને ખુશ રાખે છે એનાથી અમને તો આનંદ છે જ, પણ મને ખાતરી છે કે પૂજ્યશ્રી પણ તારા પર ખૂબ રાજી હશે."

જેમને હંમેશાં રાજી રાખવાનો મારી લાઈફનો ધ્યેય છે, એ જો મારાથી રાજી હોય તો એનાથી વધારે તો મારે શું જોઈએ ? આજે મારી ખુશી સમાતી નથી. અને એ ખુશી હું તમારી સાથે શેર કરવા ઈચ્છું છું. શું હું પહેલેથી આવો હતો ? ના ! ! પણ હા, પહેલેથી હું એક ડાયરી લખતો. ચાલો, આજે એ ડાયરીના અમુક પાનાઓ તમારી સામે ખુલ્લા કરીને, મારી લાઈફની સ્ટોરી-બુક તમને વંચાવું.


# January 10, 2010




આજે મે'મએ મારી સાથે ખોટું કર્યું મને નહી ને સાહિલને મોનિટર બનાવ્યો. મને એટલું ખરાબ લાગ્યું ને. એ મે'મ સામે સારું સારું બોલે છે અને એમની પાછળ પાછળ ફરે છે એટલે. મને થયું કે હવે હું પણ મે'મ સામે જોરદાર ઈમ્પ્રેશન પાડીશ. પણ સાંજે નાસ્તો કરતા કરતા ટી.વી ચાલુ કર્યું તો પૂજ્યશ્રીની વાતથી મારો પ્લાન ચેન્જ થઈ ગયો.

## પૂજ્યશ્રી એ કહ્યું,

"ઈમ્પ્રેશન પડે એવી જગ્યાએથી હું ખસી જઉં. ખોટો શો-ઓફ શું કરવાનો ?! સહજ રહેવા જેવું છે. જ્ઞાની કે તીર્થંકરો, કોઈની ઉપર ક્યાં પ્રભાવ પાડવા ગયા હતા ?



કોઈ ઈમ્પ્રેશન પાડવા જાય ત્યારે મને થાય કે હાઈવે પર લાખો ગાડીઓ ગઈ. એક વધારે મારી આગળ જતી રહેશે તો મને શું ફરક પડશે ?!"






દાદાનું સુત્ર છે કે, જે ક્યારેય પણ કોઈના ઉપર પ્રભાવ (ઈમ્પ્રેશન) પાડવા જતો નથી એનો પ્રભાવ આખા જગતમાં સૌથી વધારે પડે છે.

પૂજ્યશ્રીની વાત સાંભળીને તો હું ખુશ જ થઈ ગયો. મેં તો વિચારી લીધું કે હવે હું પણ ઈમ્પ્રેશન નહીં પાડું.

# 6 MARCH 2010

આજે મારો બર્થ ડે છે. સવારમાં જ મારો મમ્મી-પપ્પા સાથે ઝઘડો થયો. એમણે મને કીધું હતું કે મને બર્થ ડેના દિવસે નવી વોચ લઈ આપશે, પણ એ લોકોએ ચીટિંગ કરી, મને નવી વોચ ના આપી. મારો તો બર્થ ડે જ બગડી ગયો. હું આખો દિવસ ગુસ્સામાં જ રહ્યો, પછી સાંજે પૂજ્યશ્રી પાસે ગયો તો પૂજ્યશ્રી કહેતા હતા કે,

"મેં મધર-ફાધરની સેવા ઠેઠ સુધી કરી હતી. ફાધર મારાથી નારાજ થાય તો પણ મારો એમના પ્રત્યેનો વિનય ક્યારેય ના તૂટતો. મેં નક્કી જ કરેલું કે મારે એમને દુઃખ નથી આપવું. પણ, જો કદી એમને મારા થકી દુઃખ અપાય જાય તો હું એમના પ્રતિક્રમણ કરી લેતો. મેં ક્યારેય એમનો દોષ નથી જોયો. આખી જિંદગીમાં એક પણ વાર હું ફાધરની સામું નથી બોલ્યો. છેવટે ફાધર બહુ રાજી થયા અને પાછલી ઉંમરમાં કહ્યું, તું મારો ગુરૂ."

મને તો બહુ ખરાબ લાગ્યું, મમ્મી-પપ્પા સાથે મેં ખોટું કર્યું. મને તો પૂજ્યશ્રી બહુ જ ગમે છે. તેઓ એમના મમ્મી-પપ્પા સાથે ઝઘડો નહોતા કરતા એટલે હું પણ નહીં કરૂં. મેં તો મમ્મી-પપ્પાને પગે લાગીને 'સોરી' પણ કહી દીધું.






આજે મને વિજ્ઞાનની પરિક્ષામાં ૫૦ માંથી ૩૫ માર્કસ આવ્યા. મને તો બહુ ખરાબ લાગ્યું. વિજ્ઞાન તો મને બહુ જ ગમે છે. કદાચ, હું ઓછું ભણ્યો હતો એટલે. મારો મૂડ ખરાબ થઈ ગયો હતો. મેં લેપટોપ પર સત્સંગ જોવાનું વિચાર્યું. પૂજ્યશ્રી એટલું મસ્ત કહેતા હતા ને....

"મારો કાયદો એવો છે કે આંખ ખુલી એટલે સિન્સિયારિટી ચાલુ થઈ જાય. ત્યાર પછી પોલ નહીં મારવાની. મને કામની મહત્વતા એવી હોય કે એની સામે હું મારૂં ખાવાનું, પીવાનું, ઊંઘવાનું, ફરવાનું, બધું માઈનસ કરીને, કામને સિન્સીયર રહું.

સિન્સિયારિટી એટલે શું કે 'વળગી રહેવું'. ધીમી સ્પીડ હોય તો ધીમી, ઝડપ તો ઝડપ, પણ જે કામ પકડ્યું એને પૂરું કરવાનું.

મારા પૂજ્યશ્રી એકદમ બેસ્ટ છે, મારે પણ એમના જેવું સિન્સીયર થવું છે. પપ્પા કહેતા હતા કે વિજ્ઞાન બહુ મહત્વનું છે એટલે હું પણ હવે સિન્સિયારિટીથી ભણીશ.



આ વખતે તો સમર કેમ્પમાં મજા આવી ગઈ. દીદીઓએ સેવા પર એવી મસ્ત એક્ટિવિટિ કરાવી ને ! ને સાંજે તો મારા પૂજ્યશ્રીનો સરપ્રાઈઝ સત્સંગ હતો. ડાયરી હું તને એમની વાત કરીશ ને તો તું પણ મારી જેમ એમની ફેન થઈ જઈશ. એ કહેતા હતા કે,

મારી સેવા ઝાડુ મારવાથી શરૂ થયેલી. સત્સંગ પહેલા શેતરંજીઓ પાથરવાની અને સત્સંગ પૂરો થાય એટલે બધું ઉપાડવાનું. આરતી વખતે ભગવાનને ચઢાવવા માટે ફૂલો લઈ આવતો અને સત્સંગ પતે એટલે બધું સાફ-સૂફ કરવાનું. મહાત્માઓ ફોરેનથી આવે તો એમને લેવા જવાના, મૂકવા જવાના અને એમની બેગો ઊંચકવાની. ક્યારેક ચાલુ સત્સંગમાં મહાત્માઓની ટપાલ નાખવા જવાની. નાનું કે મોટું કામ એવું નહીં,




15 May 2011

દાદાનું કામ કરવું છે...

મારે મન તો દાદાના મહાત્માઓનું કામ એ દાદાનું કામ કર્યા બરાબર જ છે. પછી, થેલો ભરીને પદોની ચોપડી સત્સંગમાં લઈ જવાની અને સત્સંગ પતે એટલે ભેગી કરીને પાછી લઈ આવવાની. પુસ્તકો આવે એનું પેકિંગ કરવાનું, વધારાની પુસ્તકો માળીયે ચઢાવવાની વગેરે કામોથી મારી સેવાની શરૂઆત થઈ હતી. મારા જીવનનો એક જ ધ્યેય હતો, બસ ચોવીસેય કલાક દાદાનું કામ કરવું છે.

દાદા આવે તો એમના બૂટ, મોજા, કોટ કાઢવાના અને હેંગરમાં ટોપી ભરાવવાની. જાત્રામાં દાદાજીની સેવા કરી હતી. રાત્રે દાદાના પગે તેલ માલિશ કરી આપતો. દાદાએ કહેલું કે દાદાની સેવા કરી એટલે એમના આશીર્વાદ ઉતર્યા અને જાગૃતિ ઉત્પન્ન થઈ.



ડાયરી તને ખબર પડી, કોઈ સેવા નાની-મોટી નથી હોતી. આજથી હું પણ પૂજ્યશ્રીની જેમ કોઈ પણ સેવા કરવા તૈયાર છું. મારે તો ખાલી ને ખાલી દાદાનું બહુ બધું કામ કરવું છે.

નીરુમા હંમેશા કહેતા કે તેઓ 'સ્વીટ સિક્સ્ટીન' છે ! આજે, પૂજ્યશ્રીના જ્ઞાન-દિવસે મારો સિક્સ્ટીન્થ બર્થ ડે 'સ્વીટેસ્ટ' હતો. બેબીથી લઈને યુથે પૂજ્યશ્રી સાથે મજાની વાતો કરી. ઈટ વોઝ સો નાઈસ ટુ નો કે બધાને પૂજ્યશ્રી માટે મારા જેવી જ ફીલિંગ્સ છે. બધાને જ પૂજ્યશ્રી જેવા બનવું છે. ડાયરી, જેટલી વાતો યાદ આવે છે એટલી તને કહું છું.




# હું અને પૂજ્યશ્રી



પૂજ્યશ્રી મને બહુ ગમે અને

**પૂજ્યશ્રીની સ્માઈલ**

પણ મને બહુ ગમે. દીપકદાદાને ડિમ્પલ પડેને તો બહુ ગમે



પૂજ્યશ્રી જન્માષ્ટમીમાં મટકી ફોડે એ મને બહુ ગમે. એ મને કૃષ્ણ ભગવાન જેવા લાગે.



મને સ્પેલિંગ નહોતા આવડતા. દીપકદાદાને જોઈને મને સ્પેલિંગ આવડી ગયા.



પૂજ્યશ્રીને જોઈને મારો બધો
ગુસ્સો શાંત થઈ જાય.
મારે એમના જેવું બનવું છે.

અમે કેટલા લકિ છીએ કે અમને એવા જ્ઞાની મળ્યા છે જેમને અમે મળી શકીએ છીએ, પ્રશ્નો પૂછી શકીએ છીએ અને તેઓ અમારા પ્રશ્નોના સૂપર જવાબ આપે છે.





હું નાની હતી ત્યારે મેં પૂજ્યશ્રીને ફૂલ આપેલું અને પૂજ્યશ્રીએ એ મને પાછું આપ્યું. એ ફૂલ મેં આજ સુધી સાચવીને રાખ્યું છે.

જેમ આપણે મોટા ઝાડ નીચે રહીએ તો આપણને છાયો, ફળ-ફૂલ એ બધું મળે. એવી રીતે પૂજ્યશ્રીની સાથે રહીએ છીએને તો એવું લાગે કે એમનો પ્રેમ, એમની હૂંફ, એમની શીતળતા, એમનામાંથી ઘણા બધા ગુણો શીખવા મળે છે.





સેવા

મમ્મીને કેન્સર હતું. તેમને પૂજ્યશ્રીના દર્શન કરાવવા દાદા દરબારમાં લઈ ગયા હતા. પૂજ્યશ્રીએ અમને કહ્યું કે અત્યારે મમ્મી-પપ્પાની સેવા થાય એટલી કરી લેજો. એ તમને આગળ બહુ હેલ્પ કરશે. મે એવું જ કર્યું.




કોઈ આપણને રોકે-ટોકે તો જનરલી આપણને એક્સેપ્ટ ના થાય. પણ જ્ઞાનીમાં ખબર નહીં એવું તે શું છે ને કે એ કહે એવું તરત આપણાથી પળાય જ જાય. ફ્યુઝન કેમ્પમાં પૂજ્યશ્રીએ મને સમજાવ્યું કે માતા-પિતા અને ટીચર્સનો વિનય તો હોવો જોઈએ. મને ત્યારથી થયું કે પૂજ્યશ્રી કહે છે તો હું સ્ટાર્ટ કરું.

2 january 2018

આજે હું ફ્રેન્ડ્સ સાથે રેસ્ટોરન્ટમાં જમવા ગયો હતો. ડિનર પત્યું એટલે આદિલ એક બહાનું કાઢીને, બિલ ભર્યા વગર નીકળી ગયો. જાડિયાએ સહુથી વધારે ખાધું હતું અને એના પૈસા અમે ચૂકવ્યા. રાત્રે હું એક આપ્તપુત્ર ભાઈને મળવા ગયો અને આ વાત કરી. એમણે મને પૂજ્યશ્રીની એક સત્સંગ ક્લિપ દેખાડી. પૂજ્યશ્રીએ કહ્યું,

"દાદા ભગવાને મને શીખવાડ્યું હતું કે આપણે કોઈ સાથે ગયા હોઈએ તો ખર્ચો આપણે કરી નાખવાનો. હું મારા માટે ખર્ચો ના કરું. જરૂરિયાત પ્રમાણે વાપરું. ચપ્પલ સારા હોય તો શું કામ નવા લેવાના ? ના વાપરું. પણ લોકો માટે આંખ બંધ કરીને આપી દેતો. તો એવું થાય કે મારે લક્ષ્મી આવ્યા જ કરે. આવે એટલે વધારે ખર્ચું લોકો માટે, તો વધારે આવે. મોટી વસ્તુ શું છે કે અંતરાય તૂટે છે. જેટલું પારકાં માટે વાપરીશું એટલું અનંતગણું આવીને રહેશે.

આપ્તપુત્ર ભાઈએ મને હસીને પૂછ્યું, "દાદાએ જે પૂજ્યશ્રીને શીખવાડ્યું એ આપણે પણ પકડીને ચાલી શકીએ કે નહીં ?" મેં આપ્તપુત્ર ભાઈને 'હા' કહી. આજે, હું આ એક ચેલેન્જ તરીકે સ્વીકારું છું કે બીજા માટે મન બગડ્યા વગર ખર્ચ કરીશ.




બીજા માટે કરી છૂટે

# ખાવામાં NO કચ-કચ

આજે તો છે ને વર્લ્ડ રેકોર્ડ સર્જાયો. મેં રાહિલના નાસ્તામાંથી પૌવા ખાધા, એમાં લીમડો હતો ને તો પણ. રાહિલ તો જોતો જ રહી ગયો. ડાયરી, તને તો ખબર છે કે મમ્મી કોઈ પણ વસ્તુમાં લીમડો નાખે તો હું ગુસ્સે થઈ જાવ. અને આજે તો હું લીમડો ચાવી ચાવીને ખાઈ ગયો. રાહિલનું તો મોઢું જોવા જેવું હતું. પછી મેં એને આ લીમડા ખાવા પાછળનું સિક્રેટ કીધું, કે પૂજ્યશ્રી શું કહેતા હતા.

મને પણ પહેલા ખાવામાં બહુ કચ-કચ થતી હતી. કેળું ખાઉં તો શરદી થાય, તીખુ ખાઉ તો ફાવે નહીં, અડદની દાળ ખાઉ તો પેટમાં ભારે પડે. એક દિવસ નીરુમાએ કહ્યું, "શું કચ-કચ કરે છે ? ખાઈ








જા કશું નહીં થાય." તો પછી ચાલુ થઈ ગયું. ગમે તે ખાઉં છું તોય કશું નથી થતું. ના ભાવતું હોય તો પણ એક ચમચી ખાઈ લેવાનું. ધીમે-ધીમે નિરોગી થતું જવાય. કારેલાનું શાક નથી ખાવું, નથી ખાવું કરીએ ને તો પછી માંદા પડીએ ત્યારે કડવું જ ખાવું પડે. એટલે નોર્માલિટી રાખોને તો માંદા જ ના પડાય.



મારી વાત સાંભળ્યા પછી તો મને લાગે છે કે રાહિલ પણ પૂજ્યશ્રીનો ફેન થઈ ગયો છે. માંદા ન પડવાની સિક્રેટ સાંભળીને રાહિલ હવે મારી સાથે દિવાળીમાં ફ્યુઝનમાં આવવાનો છે.




# 4 november 2014

1 આજે ઈન્ટર-સ્કૂલ ડિબેટ કોમ્પિટિશન માટે નામ આપવાના હતા. અમારી સ્કૂલના બેસ્ટ સ્પીકર્સના નામ સિલેક્ટ થયા. ટીચરથી અભિષેકનું નામ ભૂલાઈ ગયું. જ્યારે

2 પાછળથી ટીચરને યાદ આવ્યું ત્યારે એમણે અભિષેકને બોલાવ્યો. પણ એણે રિસાઈને બહાનું કાઢ્યું અને કોમ્પિટિશનમાં ભાગ લેવાની ના પાડી દીધી.

3 મને પૂજ્યશ્રીની આ વાત યાદ આવી, એક વખત કેનેડા, ટોરન્ટોમાં જૈન કન્વેશન હતું.

4 તેમાં દીપકભાઈ યંગેસ્ટ સ્પીકર હતા. જૈનના મોટા મોટા સાધુઓ-સાધ્વીજીઓ આવેલા. તેમાં એક મોટા સ્પીકરનો બોલવાનો વારો આવ્યો.

5 પણ સ્ટેજ પર પ્લાસ્ટિકની ખુરશી જોઈને તેઓ ગુસ્સે થઈને જતા રહ્યા. ઓલ ઓવર ધ વર્લ્ડથી આ સભામાં બધા આવ્યા હતા. કાર્યકર્તાઓએ દીપકભાઈને સ્ટેજ પર જવા

6 વિનંતી કરી. દીપકભાઈને તો પ્લાસ્ટિકની ખુરશીનો કોઈ વાંધો નહોતો. આ પ્રસંગ કહેતી વખતે નીરુમા બોલ્યા હતા,

7 "પ્લાસ્ટિકની ચેર તો શું, દીપકભાઈને નીચે ભોંય પર બેસાડો તો પણ એમને કોઈ વાંધો ના આવે ! "

8 મારા પૂજ્યશ્રી કેવા જોરદાર છે. એમને ક્યાંય પણ ચાલે અને કંઈ પણ ચાલે. તું જોજે ડાયરી, હું પણ એક દિવસ એમના જેવો જ સરળ થઈ જઈશ.

## 11 March 2015



આજે હું મારા કઝિન્સ સાથે રેસ્ટોરન્ટમાં ગયો હતો. વેઈટરે અમારો ઓર્ડર લખવામાં ભૂલ કરી. મારા એક કઝિનનું મગજ સખત ગરમ થઈ ગયું. પણ કરણભાઈની પાસે એને શાંત કરવાનો બેસ્ટ ઉપાય હતો. તેમણે પૂજ્યશ્રીની વાત કરી,

પૂજ્યશ્રી જ્યારે કન્સલ્ટિંગનું કામ કરતા હતા, ત્યારે મશીન બગડે અને બોસ કે ચિફ એન્જિનિયર આવીને કોઈ પ્રશ્ન પૂછે ત્યારે પૂજ્યશ્રી વિનયપૂર્વક જવાબ આપે. પણ, એટલું જ નહીં, અન્ડરહેન્ડ કે વર્કર્સ આવે ત્યાંય પણ એવા જ વિનયથી રહે. બોસ અને વર્કર્સ બેઉ સાથે લઘુતા રાખે. તેઓ એવું સમજે કે વર્કર મશીન સાથે એટલો બધો સમય ગાળે છે એટલે એની પાસે મારા કરતા મશીનનું જ્ઞાન વધારે છે. એટલે મશીન રિપેર માટે તેઓ વર્કરને પોતાનો ગુરુ માને અને પોતે એના શિષ્ય બની જાય.

**પૂજ્યશ્રી કહે છે કે પોઝિટિવ જોઈશું તો લઘુતામાં રહીશું અને સામાને પણ આપણા શબ્દોની પોઝિટિવ અસર થશે.**

બસ પછી તો શું ! કઝિનને એના વર્તન માટે અફસોસ થયો. અને મને થયું કે જો પૂજ્યશ્રી એમના વર્કર્સના શિષ્ય બની જતા હતા તો હવેથી હું પણ ક્યારેય કોઈને નીચા ગણીને તેમનો અવિનય નહીં કરું. બધામાં પોઝિટિવ જ જોઈશ.


પૉઝિટિવ અને લઘુત્તા



# 6 Feb 2013

ડાયરી, તને ખબર છે ને હું માઉન્ટ આબુની ટુરમાં જવા કેટલો એક્સાઈટેડ હતો ! મમ્મીએ છેલ્લી ઘડીએ દાદાની તબિયત ખરાબ છે કહી ને ના પાડી દીધી. આવું કોણ કરે ?! ખબર છે આજે સ્કૂલમાં બધા ટ્રિપની જ વાત કરતા હતા. મારો મૂડ ઓફ થઈ ગયો. એટલે જ બપોરે હું આપ્તપુત્ર ભાઈને મળવા ગયો. એકદમ મારા ફ્રેન્ડ જેવા છે. એમણે મને પૂજ્યશ્રીની મસ્ત વાત કહી.

ઘણી વાર એવું બને કે પૂજ્યશ્રીને વડોદરા જવાનું કહેવામાં આવ્યું હોય અને એ તૈયાર થઈને બેઠા હોય. ત્યાં, નીરુમા આવીને કહે, "આજે તું રહેવા દે ને, દાદાનું કામ કર. જવાની કંઈ જરૂર નથી." "સારું" કહીને, બેગ ઉપાડીને પાછી અંદર મૂકી દે. તેઓ ક્યારેય પણ, "મને કેમ ના પાડી ? બસ, બધાને લઈ જાય છે અને મને નહીં," એમ કરીને રિસાઈ નહોતા જતા. તેઓ હંમેશા મહત્વનું કામ કરવા માટે એડજસ્ટ થઈ જતા હતા. એમણે નક્કી જ કરેલું કે જે નીરુમા કહેશે એમ તેઓ કરશે.



અને વાત પત્યા પછી આપ્તપુત્ર ભાઈએ હસીને મને પૂછ્યું, "તારે પૂજ્યશ્રી જેવું થવું છે કે નહીં ?" હવે મને જરાય દુઃખ નથી કે હું ટુરમાં નથી જવાનો.




## શાયરી

મારી દરેક મૂંઝવણનું સોલ્યુશન એ લાવી આપે છે,
જોઈ જોઈને બનું હું એવો એવી ભાવના હૃદયમાં થાય છે !
જૈસે સૂર્ય કો દેખકર પુષ્પ ખીલ જાતા હૈ,
વૈસે પૂજ્યશ્રી કો દેખકર હમારા દિલ ખુલ જાતા હૈ,
ઉનકે પાસ હૈ ઐસી પ્યોરિટિ જો દુનિયામેં ના મિલે,
ઉનકા હાસ્ય દેખકર મનુષ્ય જગ ભૂલ જાયે !



# 2 july 2014

## બધું કામ મારે જ કરવાનું ?!

ગ્રુપ પ્રોજેક્ટમાં તો આખા ગ્રુપે કામ કરવાનું હોય ને ? પણ મારા ગ્રુપમાં કોઈને કામ કરવામાં ઈન્ટરેસ્ટ જ નથી. આજે તો નક્કી જ કર્યું હતું કે હવે હું પણ કામ નહીં કરું. ભલેને ખરાબ માર્ક્સ આવે. એ લોકોના ખરાબ આવશે ને તો ખબર પડશે. એટલે મેં તો કામ મૂકીને અક્રમ એક્સપ્રેસ વાંચવાનું શરૂ કર્યું. અને ફરીથી પૂજ્યશ્રીએ મારું મન બદલી દીધું. એમાં પૂજ્યશ્રી વિથ કિડ્સમાં પૂજ્યશ્રીએ જવાબ આપ્યો હતો કે,

"હું મારું કામ કરું છું અને એ પોલ મારે છે" એવી કમ્પેરિઝન કરવા જેવી નથી. સિન્સિયરલી કામ કર્યે જવું અને બીજાના ભાગનું પણ કામ કરી લેવું. હું બીજાના ભાગનું કામ પણ કરી નાખતો હતો. તે આજે એવો વખત આવ્યો કે મારા ભાગનું પણ મને નથી કરવા દેતા."


મેં જે નક્કી કરી લીધું કે હવે હું ક્યારેય કમ્પેરિઝન નહીં કરું. પૂજ્યશ્રીની જેમ બીજાના ભાગનું કામ પણ કરી લઈશ.

no કમ્પેરિઝન





વર્ષો પહેલાં મેં રાહિલ માટે એક કવિતા લખી હતી. ચશ્મીશ બેટરી, કચુંબરની કાકડી, ફૂંક મારો તો ઊડી જાય, સ્વિમિંગ પૂલમાં ડૂબી જાય ! તે વખતે મને આ કવિતા ફની લાગી હતી. પણ રાહિલને બહુ જ દુ:ખ થઈ ગયું હતું. એક સમયે રાહિલ મારો બેસ્ટ ફ્રેન્ડ હતો. પણ જ્યારથી મેં આ કવિતા લખી ત્યારથી એણે મારી સાથે વાત કરવાનું બંધ કરી દીધું. મને ક્યારેય સમજાયું જ નહીં કે આમાં મારી ભૂલ શું હતી ! આજે મેં પૂજ્યશ્રીને પ્રશ્ન કર્યો કે શું એમણે ક્યારેય સ્કૂલ-કોલેજમાં મજાક-મસ્તી કરી હતી ? પૂજ્યશ્રીએ કહ્યું.







મજાક નહોતી કરી

"મારો મજાકવાળો સ્વભાવ હતો પણ કોઈને દુ:ખ થાય એવી મજાક નહોતી. રમત-ગમ્મત કરું, મજાક-મસ્તી કરું, પણ ક્યારેય દુ:ખવાળું નહીં. કોઈ બદનામ થાય, કોઈનો અહંકાર દુભાઈ જાય કે કોઈની પ્રકૃતિની ખરાબ મશ્કરી, એવું બધું ક્યારેય નહોતો કરતો. પણ આનંદ થાય એવું કરતો. બધા મિત્રો સાથે કેરમ, ચેસ, પત્તા, ગીલ્લી-દંડા, ભમરડા બધું રમીએ. પણ ક્યારેય કોઈને ત્રાસ આપવાની દાનત નહોતી.

જે ભૂલ મને વર્ષો સુધી નહોતી સમજાઈ, એ આજે સમજાઈ. મેં રાહિલની ખરાબ મશ્કરી કરી હતી. કાલે હું એની માફી માંગી લઈશ. આઈ વીશ કે એ મને માફ કરી દે અને અમે પહેલાની જેમ બેસ્ટ ફ્રેન્ડસ બની જઈએ.




'અક્રમ એક્સપ્રેસ' માસિકની માહિતી – ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)
૧. પ્રકાશનનું સ્થળ : સીમંધર સીટી, અડાલજ, તા–જિ : ગાંધીનગર, ૩૮૨૪૨૧
૨. પ્રકાશનનો સમય : માસિક
૩. મુદ્રકનું નામ : અંબા ઓફસેટ, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : B-૯૯ GIDC, સેક્ટર – ૨૫, ગાંધીનગર – ૩૮૨૦૨૫
૪. પ્રકાશનનું નામ : મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : સીમંધર સીટી, અડાલજ, તા–જિ : ગાંધીનગર, ૩૮૨૪૨૧
૫. તંત્રીનું નામ : ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.
૬. માલિકોના નામ : મહાવિદેહ ફાઉન્ડેશન, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.
હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.
તા. ૮–૩–૨૦૨૧, અમદાવાદ. મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા (પ્રકાશકની સહી)

Akram Express

March 2021
Year : 13, Issue : 7
Conti. Issue No.: 151

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post Office
on 08th of every month

# મારે પણ બનવું છે પૂજ્યશ્રી જેવા !

શું આકાશને જેટલા પૂજ્યશ્રી ગમે છે એટલા તમને પણ ગમે છે ? એનાથી પણ વધારે ? આકાશે તો પૂજ્યશ્રી જેવા બનવાનું નક્કી કર્યું છે. શું તમે પણ ? પૂજ્યશ્રીને જોઈ-જોઈને, એમની વાતો સાંભળીને, એમના ગુણો ઓળખીને, એમની જેમ ધ્યેય નક્કી કરીને, ધ્યેયને સિન્સિયરલી ફોલો કરીને, એમના જેવા બની શકાય !

આકાશને પૂજ્યશ્રીની જે વાતો ખૂબ ગમે, એ એની ડાયરીમાં નોટ કરી લે. એ જ્યાં જાય ત્યાં પોતાની ડાયરી સાથે જ રાખે. અને એ રીતે પૂજ્યશ્રી પણ એની સાથે જ રહે. શું તમારે પણ પૂજ્યશ્રીની નજીક રહેવું છે ? આપેલા ડાયરીના ફોરમેટમાંથી કોઈ એકાદ ફોરમેટ પસંદ કરીને અથવા તો તમારું પોતાનું ક્રિએટિવ ડાયરીનું ફોરમેટ બનાવીને, તમારા દિલની વાતો પૂજ્યશ્રીને કહો અને પૂજ્યશ્રીના દિલની વાતો સમજીને ડાયરીને કહો.

**આમ, પૂજ્યશ્રીની જોડે ને જોડે જ રહો !!**

**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.
૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **Whatsapp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.